# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-07-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## દિન દયાળ પોર્ટ – ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ

દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ કંડલા ખાતે દેશના પ્રથમ મેક ઇન ઇન્ડિયા 1 મેગાવોટના સ્કેલ ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટનો કાર્યભાર સંભાળ્યો છે.

કેન્દ્રીય વહાણવટા, બંદરો અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા આ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સોનોવાલે જણાવ્યું કે, તાજેતરમાં ગત 26 મે ના રોજ ભુજની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 10 મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. અને હવે માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં જ આ 10 મેગાવોટ પ્રોજેક્ટના ભાગ રૂપે 1 મેગાવોટ પ્લાન્ટના પ્રથમ મોડ્યુલનું અમલીકરણ થયું છે જેનાથી દેશમાં ગ્રીન હાઇડ્રોજન ઉદ્યોગ માટેનો એક નવો માપદંડ સ્થાપિત થયો છે. તેમણે ઉમેર્યું કે, જણાવ્યું કે દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ ગતિ, સ્કેલ અને કાર્યમાં કૌશલ્યનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્રદર્શિત કર્યું છે.

આ અમલીકરણ સાથે, કંડલા પોર્ટ મેક ઇન ઇન્ડિયા મેગાવોટ સ્કેલ ગ્રીન હાઇડ્રોજન સુવિધા કાર્યરત કરનાર ભારતનું પ્રથમ બંદર બન્યું છે, જે વાર્ષિક આશરે 140 મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજન ઉત્પન્ન કરવા માટે સક્ષમ છે. આ સફળતા દરિયાઇ સ્તરે કાર્બનનું ઉત્સર્જન ઓછું કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું હોવાની સાથે ભારતની પર્યાવરણ અને ગ્રીનહાઉસ અસર પ્રત્યેની પ્રતિબદ્ધતા તરફનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

-------------------------------------------------------------------------------------

## ઘોરાડ સંરક્ષણ માટે કચ્છમાં નવીનીકરણ ઉર્જા લાઇનો માટે બે કોરીડોરનો પ્રસ્તાવ

લુપ્તપ્રાય ઘોરાડ પક્ષીના સંવર્ધન માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નિમાયેલ સમિતિએ ઘોરાડના સંરક્ષણ માટે કચ્છમાં નવીનીકરણીય ઊર્જા લાઇનો માટે સમર્પિત બે કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો છે. આ મામલે આવતા મહિને સુનાવણી યોજી વિચારણા કરાય તેવી શક્યતા છે.  સમિતિએ સૂચન કર્યું છે કે, હાલની લાઈનોને ફરીથી રૂટ કરવી જોઈએ અને કેટલાક ભાગોને ભૂગર્ભમાં બનાવવા જોઈએ, જેના માટે કચ્છમાં બે પાવરલાઇન કોરિડોર પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. જેમાંથી એક કોરીડોર કચ્છના દરિયાકાંઠાના પ્રદેશમાં પવન ફાર્મમાંથી વીજળી કાઢવામાં મદદ કરશે, જયારે, બીજો કોરીડોર કચ્છમાં ઘોરાડના નિવાસસ્થાનના ઉત્તરીય ભાગમાં આયોજિત એક મહત્વપૂર્ણ હાઇ-વોલ્ટેજ 400 કેવી પાવર લાઇન માટે છે. સમિતિએ સુપ્રીમ કોર્ટના 2021ના આદેશના આધારે કેટલીક લાઇનો પસંદ કરી છે અને તેમને તાત્કાલિક ભૂગર્ભમાં ઉતારવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ઘોરાડ પક્ષી નબળી દ્રષ્ટિ અને ભારે શરીર ધરાવતું હોવાથી ઊંચી વીજ લાઇનો સાથે અથડાવાની શક્યતા વધુ રહે છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયાના આંકડા પ્રમાણે, દર વર્ષે સરેરાશ ૪થી ૫ ઘોરાડ વિજ લાઇનના કરંટથી મૃત્યુ પામે છે. જે ઘોરાડના  લુપ્ત થવા પાછળનું એક મહત્વનું કારણ બની રહ્યું છે.

---------------------------------------------------------------------------------------

## જિલ્લા પંચાયત સામાન્ય સભા

કચ્છ જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા મળી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા અને જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમની ઉપસ્થિતિમાં મળેલી આ સામાન્ય સભામાં અનેક મહત્વપૂર્ણ ઠરાવોને બહાલી અપાઈ હતી. આ ઉપરાંત, સત્તા પક્ષ અને વિપક્ષના સભ્યોએ પોતાના વિસ્તારોના પ્રશ્નો રજુ કર્યા હતા.

ગાંધીધામ શહેર મહાનગરપાલિકા બન્યા બાદ આસપાસના કેટલાક ગામોનો સમાવેશ મહાનગરપાલિકામાં કરવામાં આવતા ગાંધીધામ તાલુકા પંચાયતમાં માત્ર જુજ જ ગામો બચ્યા છે. જેથી, ગાંધીધામ તાલુકાના મીઠીરોહર, ખારીરોહર, પડાણા સહિતના ગામોને ગાંધીધામ મહાનગરપાલિકામાં સમાવી લઈ તાલુકા પંચાયતનું વિસર્જન કરવા ઠરાવ કરાયો હતો. આ

ઉપરાંત નખત્રાણા ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો મળતા નજીકના નાની વિરાણી અને મોટી વિરાણી ગામોનો નખત્રાણા નગરપાલિકામાં સમાવેશ કરવા ઠરાવ કરાયો હતો.

સામાન્ય સભામાં ૧૫મા નાણાપંચ અંતર્ગત મંજુર થયેલ કામોમાં ખુટતી રકમને બહાલી અપાઈ હતી. આ સામાન્ય સભામાં અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા અને માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધ દવે પણ ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------

## નારી વંદના સપ્તાહ

કચ્છમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ આવતીકાલ પહેલી ઓગસ્ટથી નારી વંદના સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. આ સમગ્ર સપ્તાહ દરમિયાન મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## ભૂકંપનો આંચકો

કચ્છમાં છેલ્લા એક પખવાડિયાથી ભૂકંપના આંચકાઓની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આજે સવારે ૯ વાગીને ૫૨ મીનીટે રાપરના રણ સરહદે આવેલા બેલા ગામથી 16 કિલોમીટર દૂર 3.3ની તીવ્રતાનો મધ્યમ કક્ષાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આંચકાથી સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાયો હતો તેમ સમાચાર મિત્ર દલાભાઈ રુપાણીએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## તહેવારોને અનુલક્ષીને વધારાની બસો

રક્ષાબંધન અને જન્માષ્ટમીના તહેવારને અનુલક્ષીને કચ્છ એસટી તંત્ર દ્વારા વધારાની બસો દોડાવવામાં આવશે.

આગામી ૭થી ૧૭મી ઓગસ્ટ દરમ્યાન ભુજ ડેપો ખાતેથી ભુજ -અમદાવાદ, માંડવી ડેપો ખાતેથી માંડવી - અમદાવાદ તેમજ માંડવી - દ્વારકા તથા મુન્દ્રા ડેપો ખાતેથી મુન્દ્રા – રાજકોટની વધારાના બસ રૂટ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## માર્ગ અકસ્માત : બે ડમ્પર વચ્ચે ટક્કર

કચ્છમાં માર્ગ અકસ્માતનો સિલસિલો સતત યથાવત રહ્યો છે. આજે ભુજની ભાગોળે ખાવડા તરફના માર્ગે આવેલા નાગોર ઓવરબ્રિજ પર બે ડમ્પર વચ્ચે જોરદાર ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં એક ડમ્પરની કેબિનમાં ચાલક ખરાબ રીતે ફસાઈ ગયો હતો. ભુજ ફાયર વિભાગની ટીમે વિવિધ રેસ્ક્યુ સાધનોની મદદથી એક કલાકની જહેમત બાદ ફસાયેલા ચાલકને સલામત રીતે બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

---------------------------------------------------------------------------------------

## વૈજ્ઞાનિક ગોષ્ઠિ તથા તાલીમ શિબિર

ભચાઉ તાલુકાના કુંભારડી ખાતે કામધેનુ યુનિવર્સિટી, મુન્દ્રા હેઠળના પશુ વિજ્ઞાન કેન્દ્ર અને વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉના સંયુક્ત ઉપક્રમે પશુપાલકો માટે વૈજ્ઞાનિક ગોષ્ઠી તથા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગોષ્ઠી દરમિયાન પશુપાલકોના પ્રશ્નોનો નિષ્ણાંતો દ્વારા ઉકેલ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૫૫ જેટલા પશુપાલકોએ હાજરી આપી.

---------------------------------------------------------------------------------------

## રાજ્યમાં ખાતરની અછત ન હોવાનું જણાવતા કૃષિમંત્રી

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં ખાતરની અછત નથી અને ખેડૂતોને ખાતર મળી રહે તે માટે પુરતું આયોજન કરવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં પશુપાલન વિભાગના વિવિધ પ્રોજેક્ટનાં લોકાર્પણ અને પશુ સારવાર અંગેના સેમિનારમાં શ્રી પટેલે ખાતરની અછત અંગેનાં પ્રશ્નનાં જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

પશુઓમાં થતા લંપી રોગ અંગે શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ૮ જિલ્લામાં લમ્પી વાયરસસનાં 300 કેસ સામે આવ્યા હતા, જેમાંથી 8 પશુનાં મૃત્યુ થયા છે અને 25 પશુઓ રોગમુક્ત થઈ ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે, પશુપાલન વિભાગે લંપી રોગ અટકાવવા રસીકરણ અભિયાન શરૂ કર્યું છે.

---------------------------------------------------------------------------------